


## પાટોત્સવમાં ચકલી બચાવો અભિયાન હાથ ધરાયુ

દેશમાંથી લુપ્ત થતી ચકલીને બચાવવા માટે આપણી પર્યાવરણ સંસ્થા ગ્રીન પ્લાનેટ દ્વારા આજે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે. ૧૨ ઉમિયા માતાજીના પાટોત્સવમાં સંસ્થાએ ૧૫૦૦ ચકલીના માળા અને ૧૫૦૦ પાણી માટેના કુંડાનું દાન કર્યું હતું. ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત સૌ કોઈએ આ કાર્યને બિરદાવ્યું હતું. આ કાર્યમાં સંસ્થાના અહમદ પઠાણ, નારણભાઈ પટેલ, કાન્તીભાઈ પ્રજાપતિ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેક્ટર-૧૭ હેલીપેડ પાસે સમૂહલગ્ન પુરા થાય તે પહેલા જ છરીથી હુમલો

## ગાડી સાથે બાઈક અડી જતા ઠપકો આપનાર યુવાનને હાથે અને પીઠે છરીના ઘા મારીને બદલો લીધો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે.૧૭ હેલીપેડ ગ્રાઉન્ડમાં ગઈ કાલે સમૂહ લગ્નનું આયોજન થયું હતું. અવર-જવરમાં થયેલા ટ્રાફિક જામમાં ગાડીને એક બાઈક અડી જતા ગાડીના ચાલકે બાઈક ચાલક મહેમાનને ઠપકો આપ્યો હતો. થોડી વાર પછી તે યુવાન શખ્સ બદલો લેવા માટે છરી લઈને ઠપકો આપનાર યુવાન પાસે પહોંચી ગયો અને છરીના ઘા ઝીકવા માંડ્યો હતો. તેમને છોડાવવા વચ્ચે પડેલા એક મહેમાનને પણ લોહીલુહાણ કરી મુકતા બંને ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સે.૨૧ પોલીસે ઘાયલ યુવાનની ફરિયાદ લઈને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના ચાંદખેડા ખાતે ગુજરાત હાઉસીગ બોર્ડના મકાનમાં રહેતા અજયભાઈ જીવણભાઈ રાવત ગઈ કાલે ગાંધીનગર સે.૧૭ માં યોજાયેલા સમૂહ લગ્નમાં હાજરી આપવા ગાડી લઈને આવ્યા હતા. વચ્ચે થયેલા ટ્રાફિક જામમાં આ જ સમારોહમાં હાજરી આપવા આવેલા જુના વાડજના યુવાન મહેન્દ્ર ઉર્ફે ગનો રામા રાવતનું બાઈક ગાડીને અડકી ગયું હતું. ગાડીમાં ઘસરકો પડતા અજયભાઈએ મહેન્દ્રને બાઈક ધ્યાનથી ચલાવવા અંગે ઠપકો આપતા મહેન્દ્ર ત્યાંથી ચાલ્યો ગયો હતો. સમૂહ લગ્ન પુરા થાય તે પહેલા જ મહેન્દ્ર ઠપકાનો બદલો વાળવા છરી લઈને અજયભાઈ પાસે પહોંચી ગયો અને ખભે, હાથે અને પીઠ પર ઘા ઝીકી દીધા હતા. તેમને છોડાવવા પડેલા અશ્વિનભાઈને પણ મહેન્દ્રએ છરી મારી દેતા બંને ઘવાયા હતા. સારવાર માટે તેમણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સે.૨૧ પોલીસે મહેન્દ્ર સામે ગુનો દાખલ કરીને તપાસનો દોર શરુ કર્યો છે.

# ચોરીનો મોબાઈલ વેચવા ફરતો મોબાઈલ ચોર ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૩

શહેરના સેક્ટર-૧૬ નજીક કોઈ શખ્સ ચોરીના મોબાઈલ વેચવાના ફિરાકમાં હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલ.સી.બી ની ટીમે વોચ ગોઠવીને એક યુવાન શખ્સને ઝડપી પાડ્યો હતો. કલોલ વિસ્તારના બળદેવ કાળીદાસ વાઘેલા નામના આ શખ્સની પૂછપરછમાં તેને દોઢ મહિના પહેલા જ સેમસંગ કંપનીનો રૂ.૨૦ હજારની કિંમતનો મોબાઈલ સે.૧૬ માં આવેલા એક પાર્લર પાસેથી ચોરી કર્યો હતો તેવી કબુલાત કરી છે. તે જ ચોરીના મોબાઈલને વેચવાની ફિરાકમાં હતો. પોલીસે મોબાઈલ જપ્ત કરીને તેની ધરપકડ કરી ડી પૂછપરછ શરુ કરી છે. આ મોબાઈલ ગાંધીનગરના જ નિસર્ગ ઉપાધ્યાય નામના યુવાન નો ચોરાયો હતો.



સેકટર-૧૨ ઉમિયા મંદિર ખાતે ૧૧મો પાટોત્સવ ઉજવાઈ ગયો. જેમાં ૮ યુગલોએ યજ્ઞ પૂજામાં હાજરી આપી હતી. બપોરના સમયે ધજા ચડાવવામાં આવી હતી. આ વર્ષે આ પ્રસંગે ૧૫૦૦ જેટલા ચકલી ઘર પૂંઠામાંથી બનાવેલ અને તેટલા જ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# રેલયાત્રિકોને ઓટો રીક્ષા નસીબ થતી નથી : હપ્તા વસુલીનુ ગ્રહણ !!

## કેપીટલ સ્ટેશન પર લાંબા સમયના અંતે રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત ન થતા મુસાફરોને હાલાકી

ગાંધીનગર, તા. ૧૩

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ સ્ટેશનમાં યાત્રિકોની સુવિધાના નામે મીંડુ છે. કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ન ફાળવી કેન્દ્ર સરકાર દ્વારા પણ અત્યાર સુધી અન્યાય કરવામાં આવ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે પાટનગરના રેલવે સ્ટેશન પર ઉતરતા યાત્રિકોને ઓટોરીક્ષા પણ નસીબ ન થતા અડધો કિ.મી. થી વધુ ચાલીને જવું પડે છે. હપ્તા વસુલીના ચક્કરમાં રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત ન થતી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે.

શહેરના ખૂણે સ્થિત કેપીટલ સ્ટેશન પર હાલની સ્થિતિએ રોજ ચાર ટ્રેઈનોની અવર-જવર રહે છે. મુંબઈ, દિલ્હી અને ઈન્દોર સહીત મહત્વના શહેરો સાથે જોડાયેલા કેપીટલ સ્ટેશન પર ટ્રેઈનના સમયે યાત્રિકોની અવર-જવર જોવા મળે છે. આવા સંજોગોમાં સ્ટેશન પર યાત્રિકો માટે જરૂરી સુવિધાઓ ન હોવાથી દયાજનક સ્થિતિનું નિર્માણ થાય છે. સ્ટેશન પર યાત્રિકો માટે કેન્ટીન, ડોમ ઈન્ડીકેટર, પબ્લીક એનાઉસમેન્ટ સિસ્ટમ પણ હજુ કાર્યરત નથી.

બીજી તરફ ટ્રેઈનમાંથી ઉતરતા યાત્રિકોને શહેર સુધી પહોંચવા ઓટોરીક્ષા પણ નસીબ થતી નથી. અમદાવાદ સહીતના શહેરોમાં પ્લેટફોર્મ સુધી રીક્ષા જઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીનગર રેલવે સ્ટેશન પર સુવિધાના નામે મીંડુ છે ત્યારે રાત્રીના સમયે ઘનઘોર અંધારામાં મુસાફરોની સલામતી જોખમાય તેવી સ્થિતિ છે. પોલીસતંત્રનો પણ આ પ્રશ્નના નિરાકરણમાં રસ ન હોય તેવો આક્રોશ પ્રબળ બન્યો છે. બીજી તરફ હપ્તાવસુલીના ગજગ્રાહ વચ્ચે રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત ન થતી હોવાનો સૂર ઉઠવા પામ્યો છે.

# પીંપળજ રોડ પર બેફામ જતી રીક્ષામાંથી પડી જતા આધેડનું મૃત્યુ

## અમદાવાદનું પરિવાર વિજાપુર જઇને પરત ફરતું હતું : પાછળ બેસેલા આધેડ મોબાઈલ પર વાત કરતા હતા અને ઉછળીને બહાર પડ્યા હતા

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદનું એક પરિવાર ગઈ કાલે સંબંધીની ખબર પૂછવા વિજાપુર ગયા હતા અને રાત્રે રીક્ષા લઈને પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન પીપળજ રોડ પર ચાલુ રીક્ષા પરથી આધેડ પડી ગયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું કરુણ મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે પેથાપુર પોલીસે રીક્ષા ચાલક દીકરાની સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતું પરિવાર એક સંબંધીની ખબર પૂછવા વિજાપુર ગયુ હતું. ત્યાં માતા રોકાઈ ગઈ હતી અને પિતા અને વહુને લઈને પુત્ર રીક્ષા લઈને પરત ઘરે જવા ફર્યો હતો. રાત્રીના અંધારામાં રીક્ષા ચાલક મનુભાઈ પરમારને સાઈડમાં પડેલી ટ્રક ન દેખાઈ અને અચાનક જબકી જઈને નજીક આવી ગયેલા ટ્રક થી બચવા રીક્ષા ફેરવી મારી હતી. પાછળ બેઠેલા આધેડ વયના પિતા ધનાભાઈ લક્ષ્મણભાઈ ભાટી મોબાઈલ પર વાત કરી રહ્યા હતા અને આંચકો આવતા ચાલુ રીક્ષાએથી રોડ પર ગબડી પડ્યા હતા. આ અકસ્માતમાં થયેલી ગંભીર ઈજાઓને કારણે ૪૭ વર્ષીય ધનાભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. પેથાપુર પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# પુસ્તક પરિચયમાં લેખક ધ્રુવ ભટ્ટ 'અકુપાર'નો પરિચય કરાવશે

અમદાવાદ, તા. ૧૩

નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત અને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવતી આગવી પહેલ અંતર્ગત સત્પતધારાની સાતધારાઓ પૈકી જ્ઞાનધારા અંતર્ગત રાજ્ય કક્ષાએ 'પુસ્તક પરિચય શ્રેણી'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ શ્રેણીના દ્વિતિય પદમાં લેખક ધ્રુવ ભટ્ટને તેમના પુસ્તક 'અકુપાર'નો પરિચય કરાવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ પાછળ પીઆરએલની સામે આવેલ કેસીજીના ઓડીટોરિયમમાં તા. ૨૦મી મે મંગળવારે સાંજે ૬.૦૦ વાગે યોજાશે.

ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યેની અભિરૂચિ ચિંતાજનક સ્થિતિએ ઘટી રહી છે. તેના અનુસંધાનમાં વિદ્યાર્થીઓની વાંચન પ્રત્યેની અભિરૂચિ વધારવાના પ્રયાસરૂપે આ પુસ્તક પરિચય શ્રેણીનું આયોજન કરવામાં આવે છે. પુસ્તક પરિચય પ્રવૃત્તિ કેસીજી કેમ્પસમાં પ્રતિમાસ એક દિવસ યોજવામાં આવે છે. આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રસ જગાડવામાં પ્રાણવાયુ સમાન બની શકે તેમ છે. રાજ્યની દરેક કોલેજમાં યોજવી જોઈએ તેવું આયોજકોનું માનવુ છે.

આ વખતે દ્વિતિય પદમાં લેખક ધ્રુવ ભટ્ટ તેમના પુસ્તક 'અકુપાર'નો પરિચય આપશે. આ પ્રસંગે ઉચ્ચ શિક્ષણના અગ્ર સચિવ સંગીતા સિંઘ તેમજ ઉચ્ચ શિક્ષણ અને ટેકનીકલ શિક્ષણના કમિશનર તથા કેસીજીના સીઈઓ ડૉ. જયંતિ એસ. રવિ પણ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્બોધન કરશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, સાહિત્ય રસિકો, શિક્ષણ વિદો તેમજ રસ ધરાવતા તમામ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક છે અને પ્રવેશ માટેના પાસ કેસીજીમાંથી સવારના ૯ થી સાંજના ૯ વાગ્યા સુધી મેળવી શકાશે. આ ઉપરાંત ઈમેલથી પણ રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

# આજે-કાલે અવકાશમાં ચંદ્ર-શનિ યુતિનો નઝારો

## નવા વર્ષ પહેલા નિહાળેલા વલયો પાછા તે જ સ્થિતિમાં જોવા મળશે : આ મહિનામાં સપ્તર્ષિ નક્ષત્ર, પેનસ્ટાર્સ ધૂમકેતુનો નઝારો નિહાળી શકાશે

ગાંધીનગર, તા. ૧૩

દેશ દુનિયામાં ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુ સાથે ગ્રહણોની અવકાશી ઘટનાઓ અવારનવાર બનતી હોય છે, દુનિયાભરના ખગોળ પ્રેમીઓ અવકાશી ઘટના જોવાનું ચુકતા નથી. આજથી ૩૧મી મે સુધી અવકાશમાં નક્ષત્ર, ધૂમકેતુ, ગ્રહોની યુતિનો નજારો અદ્ભુત જોવા મળશે. તેમાં આજે અને કાલે રાત્રીના ચંદ્ર શનિની યુતીનો નજારો નિહાળવા રાજ્યના લોકોને વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. વિજ્ઞાન ઉપકરણથી નજારો વધુ સ્પષ્ટ આહ્લાદક દેખાશે. નરી આંખે પણ લોકો અવકાશી ઘટના નિહાળી શકશે.

તા. ૧૩ અને ૧૪મી રાત્રીએ શનિ પૂર્ણ તેજથી વક્ર ચાલતા પૂનમના ચંદ્રની સાથે અદ્ભૂત યુતી બનાવશે. આ યુતીના કારણે શનિ ચંદ્ર સાથે ૪ થી ૬ અંશ ડીગ્રીનું અંતર બનાવશે. આજની રાત્રીએ શનિ ચંદ્રથી પૂર્વ તરફે જોવા મળશે. જ્યારે ૧૪મીની રાત્રીએ શની ચંદ્રથી પશ્ચિમ દિશા તરફ હશે. આખો મહિનો શનિ ૯ વર્ષ પહેલાની સ્થિતિએ તે જ સ્થિતિમાં વલયો જોવા મળશે. વલયોનું નિરીક્ષણ ટેલીસ્કોપથી કરવા જાથા અનુરોધ કરે છે.

તા. ૧૯થી તા. ૨૬મી મે દરમ્યાન ઉત્તર દિશામાં તેજસ્વી ચમકતા સાત તારાના બનેલા સૌથી ખ્યાતિ પામેલા સપ્તઋષિ નક્ષત્રના તારા અને તેની નીચેથી પસાર થતો પેન સ્ટાર્સ નામનો ધૂમકેતુ દૂરબીન, ટેલીસ્કોપથી વિશેષ જોઈ શકાશે, તા. ૨૦થી ૩૦મી મે સુધીના દિવસોમાં બુધ ગ્રહ તેની સર્વોચ્ચ કોણીય અંતર પર પહોંચશે તેના કારણે જવલેજ જોવા મળતો બુધ ગ્રહ સૂર્યાસ્ત પછી સૂર્ય સામે તેજ જગ્યાએ નહી આંખથી તરત જોઈ શકાશે. આ અવસર ચુકવા જેવો નથી.

આજે અને કાલે રાત્રીની ચંદ્રદિપ સાથે શનિ ચંદ્ર સાથે સાથે જોવા મળશે. તેના ઉપર પશ્ચિમ તરફ સૂર્ય કરતા ૨૦૦૦ ગણો તેજસ્વી કન્યાને ચીત્રા નામનો તારો નજરે પડશે. તેનાથી થોડા ઉપર લાલ રતાશ રંગનો અત્યંત તેજસ્વી ૩૦ કરોડ કીલોમીટર દૂર આવેલો મંગળ ગ્રહ વિચરતો જોવા મળશે. રાત્રીના ૧૧ આસપાસ પશ્ચિમ દિશામાં ચમકતો ગુરૂ ગ્રહ પણ જોવા મળશે. આ તમામ ગ્રહમાં તા. ૨૫ની રાત્રીની સવાર થતી વેળાએ પૂર્વમાં ચંદ્ર અને સૌથી ચમકતો તેજસ્વી શુક્ર ગ્રહ એકજ સીધી રેખામાં નિહાળવાનો અવસર સાંપડશે. વહેલી સવારે આજ રેખામાં શુક્ર ગ્રહ દેખાશે જેને યુતિનો નજારો કહેવામાં આવે છે.

# ઉનાળામાં પાણી પૂરવઠાની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તાકીદની ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને રાજ્યમાં ઉનાળામાં પીવાના પાણી પૂરવઠાની પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સવિશેષ કરી સૌરાષ્ટ્ર અને કચ્છમાં નર્મદા આધારિત પીવાના પાણીની વોટરગ્રીડ દ્વારા અપાતા પાણી પૂરવઠાની વાસ્તવિક સ્થિતિ તથા અન્ય પાણીના સ્ત્રોતો દ્વારા અપાતા પાણી પૂરવઠાની સમીક્ષા તેમણે કરી હતી અને રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તાકીદની સૂચના આપી હતી. ગઈકાલે સાંજે લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાનું મતદાન સંપન્ન થયા બાદ આજે સવારે મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં રાજ્યમાં પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામો અંગે તાકીદના પગલાં લેવા અંગે આ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં નાણામંત્રી નીતિનભાઈ પટેલ, શહેરી વિકાસમંત્રી આનંદીબેન પટેલ, ગ્રામવિકાસ અને પંચાયત મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પાણી પુરવઠા મંત્રી બાબુભાઈ બોખીરીયા, ઉર્જામંત્રી સૌરભ પટેલ, મુખ્ય સચિવ ડો. વરેશસિંહા અન પાણી પૂરવઠા, જળસંપત્તિ તથા નર્મદા વિભાગના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. પીવાના પાણીની વ્યવસ્થાને રાજ્ય સરકાર ટોચ પ્રાધાન્ય આપે છે અને જનતાની પીવાના પાણીની જરૂરીયાતોની પૂર્તિ કરવામાં સરકાર પૂરેપૂરી સંવેદનશીલ છે તેવી તાદીક કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે નર્મદા વોટરગ્રીડ અને સ્થાનિક સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ પાણીની ગામેગામ વિતરણ વ્યવસ્થાનું મોનિટરીંગ રોજેરોજ ટેકનોલોજી દ્વારા સચિવાલય કક્ષાએથી થવું જોઈએ. માનવ અને પશુધન બંને માટે ગામેગામ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રત્યેક જિલ્લા કલેક્ટરને પીવાના પાણીની વ્યવસ્થા કરવા અંગે પૂરતા સત્તાધિકારો આપવામાં આવેલા છે અન કયા ગામના પીવાના પાણીનો પૂરવઠો કાય સ્ત્રોતથી અપાય છે તેની માહિતી પ્રતિદિન વિભાગ ટેકનોલોજીથી મેળવી શકે છે. ગુજરાતમાં સેટેલાઈટ ઈમેજ મેપીંગથી પાણી પૂરવઠાના સ્ત્રોતોની માહિતી ઉપલબ્ધ છે. જળાશય-બંધોમાંથી અપાતા પાણી પુરવઠાની વ્યવસ્થાનું પણ સતત મોનિટરીંગ રાખવા અને કચ્છ સહિતના વિસ્તારોમાં વાસ્મો દ્વારા લોકભાગીદારીથી પાણી વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરવા તેમણે તાકીદનું માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં વર્તમાન નર્મદા પાણી પૂરવઠા વોટર ગ્રીડ દ્વારા ૫૫૮૮ ગામો અને ૭૯ શહેરોને ૧૩૦ કરોડ લીટર પાણી અપાય છે અને જળાશયોમાંથી અપાતો પાણી પૂરવઠો ૫૦ કરોડ લીટર છે. સૌરાષ્ટ્રમાં માળીયા સાદુલકા બ્રાન્ચમાંથી ૧૦૪૫ ગામો તથા ૨૩ શહેરોને અને ઢાંકી-રતનપુર પાઈપલાઈનથી ૯ કરોડ લીટર પાણી અપાય છે જ્યારે નાવડામાંથી ભાવનગર, અમરેલી, રાજકોટ અને જુનાગઢ જિલ્લાના ૨૩૨૫ ગામો તથા ૩૮ શહેરનો ૪૫ કરોડ લીટર પાણી મળે છે. માળીયા બ્રાન્ચમાંથી કચ્છ જિલ્લાના ૮૦૧ ગામો તથા ૮ શહેરોને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડાય છે. પહેલીવાર નારાયણ સરોવર-બોર્ડર પોસ્ટ સુધી ૨૦ લાખ લીટર પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૪.૪૫
: સ્ક્રીન-૨ :
મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦
યે હૈ બકરાપુર : ૪.૩૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫
કોયેલાનચલ: ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫
કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦
: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૨.૩૦
કોયેલાનચલ : ૫.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ(અંગ્રેજી) :
૯.૩૦,૨.૧૦,૨.૫૦,૫.૩૦,૭.૪૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) : ૯.૪૫,૧૨.૪૫,૪.૦૦,૧૦.૧૫
૨ સ્ટેટસ : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦,૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૪ :
મસ્તરામ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
૨ સ્ટેટસ્ : ૫.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
કોયલાનચલ : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. મીનાબેન ભીખાભાઈ પરમાર (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૨૬૪/૧, સેકટર-૧/સી, ગાંધીનગર.
- સ્વ. રમેશભાઈ ડાહ્યાભાઈ નાયી (ઉ.વ. ૬૦) મુ. પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રહલાદજી સોમાજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ. પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શુભદ્રાબેન રજનીકાન્ત આચાર્ય (ઉ.વ. ૪૫) પ્લોટ નં. ૮૬૬/૨, સેકટર-૭/સી, ગાંધીનગર.